સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચાલી શકે સ્વતંત્ર, એ નેતા ને પાઢવા પડે,
છતાં છોડે ન ખૂશીથી ખૂરશી તો કાઢવા પડે !
વાઢવાં પડે નાક પણ જરી પૂરાણાં ચપ્પુથી -
સમજ ન સરળ ફૂત્કારથી તો દાઢવા પડે...

હાઈકુ

પડ્યા છે ઝાંખા,
ટમટમતા તારલા -
સૂર્ય પ્રકાશે...
(સ્ટાર પ્રચારક પણ નહીં)

સૂકાં પાંદડાં
ખરે છે આપોઆપ -
પાનખરમાં...
(લીલાં માટે કરે જગા)

ચિંતન

ભદ્રમિચ્છન્ત ઋષયઃ સ્વર્વિદસ્તપો દીક્ષામુપનિષેદુરગ્રે ।
ત્તતો રાષ્ટ્ર બલમોજશ્ચ જાતં તદસ્મૈ દેવા ઉપસંનમન્તુ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર પુરુષને પહેલાં તપની દીક્ષા આપવામાં આવે છે. એનાથી, શરીરબળ, મનોબળ, પદ, પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે.

જીવનમાં વધારે ને વધારે સુખ અને આનંદ મેળવવા માટે તપ જરૂરી છે, પરંતુ તપ એટલે શું ? આપણા શરીરને જાતજાતના કષ્ટ આપવા એનું નામ તપ નથી. તપનો અર્થ છે. ધર્મ-સત્ય અને ન્યાયના માર્ગ ચાલતા રહીને જે વિઘ્નો, અવરોધો અને કષ્ટો સામે આવે તેમને સહન કરતા રહીને આગળ વધવા જવું. તપનો અર્થ છે ભૂખ-તરસ, ગરમી-ઠંડી, સુખદુઃખ, હર્ષશોખ, માન-અપમાન વગેરે પ્રત્યે સમભાવ રાખીને તેમને સહન કરવા.

તપનો વાસ્તવિક અર્થ એ જ છે કે મનુષ્ય પોતાના વ્યક્તિગત સ્વાર્થ છોડી અને બધા લોકો એકબીજાનું ભલું ઈચ્છતા થાય તથા તેમનામાં સામૂહિક હિતની ભાવના ઉત્પન્ન થાય. આવા તપસ્વી નાગરિકોની તપશક્તિ જ રાષ્ટ્રને બળવાન અને તેજસ્વી બનાવી શકે છે.

સુવિચાર

- હર કદમ પે જિંદગીને તરાશી નિયત, કભી કાયમાબી મિલી, તો કભી સિર્ફ નસીયત - **દિલનાઝ પટેલ**
- તમારા અને બીજા વચ્ચે જે તફાવત છે, તે માત્ર પસંદગીનો છે - **માઈકલ ચાંગ**
- તમારી નબળાઈઓ તમે ખુદ જોઈ શકો તો સમજવું કે તમે પરિવર્તન માટે તૈયાર છો - **વિનોબા ભાવે**
- જીવન શું છે તે એક વખત જાણ જો તો ખરા !! એ જ્ઞાન કદી વિસરાસે નહીં. આમ ન કરવાથી કંઈક ગુમાવશો - **જેમ્સ રેડફિલ્ડ**
- પ્રાર્થના એ આપણા જીવન અને મહાન આત્માનું હાર્દિક સંગીત છે - **પાડુરંગ આઠવલે**
- 'હું એક મૂલ્યવાન વ્યક્તિ છું' માનસિક સ્વાસ્થ્ય માટે તે ખૂબ મહત્ત્વની બાબત છે - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : કોઈ પણ જીવડું કરડી ગયું હોય તો ત્યાં હળદર ગરમ કરી ચોપડવાથી દુઃખાવો મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કાનજી ફૂટની લારી લગાવતો. એક શેઠ તેની પાસે ફૂટ ખરીદવા આવ્યો. શેઠે સફરજન અને કેળાનો ભાવ પૂછ્યો. કાનજીએ કહ્યું, 'સફરજન એક સો રૂપિયે કિલોગ્રામ અને કેળા પચાસ રૂપિયે ડઝન.' શેઠ પોતાના માટે સફરજન વીણવા લાગ્યા ત્યાં એક ગરીબ સ્ત્રી આવી. તેને કાનજીને સફરજન અને કેળાનો ભાવ પૂછ્યો. કાનજીએ કહ્યું, 'બેન, સફરજન દસ રૂપિયે કિલો અને કેળા દસ રૂપિયે ડઝન છે.' સ્ત્રી રાજી થઈ ગઈ. એણે કાનજી ને કહ્યું, 'આજે મારી દીકરીઓ સફરજન અને કેળા ખાશે.' સ્ત્રી એ કાનજીને વીસ રૂપિયા આપ્યા અને એક કિલો સફરજન અને એક સફરજન અને એક ડઝન કેળા લઈ ગઈ. શેઠ આ દૃશ્ય જોયું અને શેઠની આંખમાં ગુસ્સો કાનજીને દેખાયો. શેઠ કંઈ બોલે તે પહેલા કાનજીએ ખુલાસો કરતાં કહ્યું, 'આ બહેનનો પતિ લશ્કરમા હતો. જે થોડા વર્ષ પહેલાં શહીદ થઈ ગયો. આ બહેનને બે દીકરીઓ છે. અમે એ ગરીબ સ્ત્રીને ઘણી વખત મદદ કરવાની કોશિશ કરી, પણ તે ખૂબ સ્વાભામાની છે. તે મફતમાં કંઈ લેવા તૈયાર નથી આથી આ મારો આઈડિયા છે, કે તેને હું નજીવી કિંમતે ફુટે વેચું છું. જેનાથી એ ને એવું લાગે કે કોઈ એની મદદ કરી રહ્યાં છે, અને એના સ્વાભાવિકને ઠેસ ન પહોંચે અને એની દીકરીઓને એ ફુટ ખવડાવી શકે.' શેઠ લારીવાળા કાનજીની ઉત્તમ ભાવના જોઈ એને ભેટી પડ્યા. એને કહ્યું, 'વાહ રે દોસ્ત, શું તારી ખાનદાની !! તેં તો આજ મને જિંદગી જીવવાનો નવો રસ્તો બતાવી દીધો.'

રાહુલ ગાંધીનું રાષ્ટ્રીયકરણ કેટલું કારગત

તંત્રીસ્થાનેથી...

ભારતના રાજકારણમાં સર્વોચ્ચ ગણાતા નેતાઓ એકથી વધુ બેઠકો પર ચૂંટાઈ આવી પોતાની લોકપ્રિયતાની ધાક જમાવતા આવ્યા છે. ઈંદિરા ગાંધીના સમયથી આ વલણ ચાલતું રહ્યું છે. ઈંદિરા ગાંધી માત્ર હિંદી બેલ્ટનાં જ નેતા નથી, એમને દક્ષિણ ભારતમાં પણ એટલી જ લોકચાહના સાંપડી શકે છે એની પ્રતીતિ કરાવવા તેઓ ચિકમગલૂરની બેઠક પરથી ચૂંટણી લડ્યાં હતા. સોનિયા ગાંધી બેલ્લારીથી ચૂંટાયાં હતા. નહેરુ-ગાંદી પરિવારના અંગત જાગીર જેવી બેઠકો અમેઠી, રાયબરેલી અને સુલતાનપુર કે ફૂલપુરમાં તો એ પરિવારના સભ્યો ચૂંટાઈ જ આવે, પરંતુ ઉત્તર ભારતની જેમ એ દક્ષિણ ભારતમાં પણ એટલી જ આસાનીથી ચૂંટાઈ શકે છે એવી પ્રતીતિ કરાવવા અને કયારેક ઉત્તર ભારતમાં સાંપડેલ પીછેહઠ અથવા બંધારણીય કારણોસર ખાલી કરવી પડેલી બેઠકના વિકલ્પે આવી સીટ પરથી ચૂંટાઈ ગુમાવેલું વજૂદ પાછું મેળવવા આવી રાજરમત થતી રહી છે. અડવાણીએ દિલ્હી અને ગાંધીનગરની બેઠકો પર ચૂંટણી લડીને ગાંધીનગરની બેઠક જાળવવાનું પસંદ કરેલું. વાજપેયીએ ગાંધીનગર અને લખનૌ એમ બે બેઠકો પરથી ચૂંટાઈ આવ્યા પછી ગાંધીનગરની બેઠક છોડી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરા અને વારાણસી - એમ બેઉ બેઠખો પર ભવ્ય વિજય મેળવી વતનની બેઠક પરથી રાજીનામું આપી દીધું હતું. વારાણસી જેવી ઉત્તરપ્રદેશની ધર્મનગરીમાં ચૂંટણી લડવા માટે એમણે મુરલી મનોહર જોષીને નારાજ કરવા પડ્યા હતા. મુલાયમસિંહ વારંવાર બે બેઠકો લડતા રહ્યા છે. બેઉ પર જીત મેળવતા રહ્યા છે. રાહુલ ગાંધી માટે અમેઠીની બેઠક અસલામત છે એમ માની લેવાની જરૂર નથી. પરંતુ ચૂંટણી તો એક વિચિત્ર પ્રકારનું વાવાઝોડું છે. એ ભલભલા મહારથીનાં મૂળિયાં ઉખાડી નાખતાં વાર ન કરે. રાહુલ ગાંદી સામે ભાજપનાં મહિલા અભિનેત્રી સ્મૃતિ ઈરાની ફરી એક વાર પડકાર બનીને આવી રહ્યાં છે ત્યારે દક્ષિણ ભારતનાં ત્રણ રાજયો - કેરળ, કર્ણાટક અને તમિલનાડુના ત્રિભેટે આવેલી વાયનાડ સંસદીય બેઠક પરથી લડવાનો એમનો નિર્ણય ભાજપના નેતાઓની દૃષ્ટિએ પલાયન હોઈ શકે છે, પરંતુ કોંગ્રેસના શબ્દકોશમાં એ રાહુલ ગાંધીનું રાષ્ટ્રીયકરણ છે. લાંબા સમય સુધી રાજકારણથી અળગા રહી 'પપ્પૂ'ની છાપ ઊભી કરનાર રાહુલ ૨૦૧૯ની ચૂંટણીઓમાં સીધા જ વડાપ્રધાનના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી રહ્યા છે. કોંગ્રેસની ગુમાવેલી જમીન પુનઃ સંપાદિત કરવાના મજબૂત ઈરાદા સાથે તેઓ મેદાનમાં ઊતર્યા છે. બનવાજોગ કે એમને સરકાર રચવા જરૂરી બહુમતી ન પણ મળે, પરંતુ ૨૦૨૪ની ચૂંટણી આવે ત્યાં સુધી તેઓ કોંગ્રેસ માટે એક મજબૂત પૃષ્ઠભૂમિ તૈયાર કરવા કૃતસંકલ્પ છે. આથી સાથી પક્ષોને શેહ આપ્યા વગર દરેક રાજયમાં કોંગ્રેસ એની હાજરી વરતાય એવો પ્રયાસ કરવાના નવા વ્યૂહ સાથે આગળ ધપી રહી છે.

લોકજીવનના અજવાળાં

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'સાહેબ, ડીનરમાં ભલે થોડું મોડું થાય, અમારા સહુની ઈચ્છા છે કે આપ હજી પંદર મિનિટ વાતો કરો, અમારે આપને વધુ સાંભળવા છે.' આ વાક્ય વક્તાને શ્રોતાઓએ વાતને વધાવી અને વક્તાએ વધુ પંદર મિનિટ મૂળ વિષયની વાત કરી...

વક્તા હતા ગુજરાત રાજયના પૂર્વ સનદી અધિકારી - લેખક અને વક્તા વી.એસ. ગઢવી., અમદાવાદ-ગાંધીનગરના સૂર-શબ્દ પ્રેમીઓ સમક્ષ તેઓ 'ઝવેરચંદ મેઘાણીની સરવાણી' વિષય પર વાતો કરી રહ્યા હતા. જેમના રુંવે રુંવે લોકસાહિત્યનો વૈભવ છે અને એવા અભ્યાસુ વક્તા દ્વારા અપાયેલા એકાદ કલાકના પ્રવચન બાદ પણ શ્રોતાઓને હજી ઈચ્છા હતી કે ગઢવી સાહેબ લોકસાહિત્ય પર વધુ વાત કરે અને એટલે જ યજમાન અને શ્રોતાઓની વિનંતી એમના સુધી પહોંચાડવામાં આવી હતી. ઉપસ્થિત શ્રોતાઓએ રસપૂર્વક અને મન ભરીને એમની વાણીમાંથી પ્રગટતી લોકસાહિત્યની સરવાણીને ઝીલી હતી. એક એક શબ્દ જાણે વાસંતી ફૂલોની સુગંધ પ્રસરાવી રહ્યો હતો અને શ્રોતાઓ લોકસજીવનની માર્મિક વાતોથી તરબતર થઈ રહ્યા હતા.

અમદાવાદમાં એસ.પી. રીંગ રોડ પર રહેતા અને ગાંધીનગરમાં આંખની હોસ્પિટલ ધરાવતા લોકપ્રિય અને કલાપ્રેમી આંખના સર્જક ડૉ. તેજલ દલાલ આ અવસરના યજમાન હતા. તેઓએ વી.એસ. ગઢવીને એકાદ-બે કાર્યક્રમોમાં લોકજીવન ઉપર બોલતા સાંભળ્યા ત્યારથી મનમાં એક મનોરથ હતો કે કોઈ કારણ વિના માત્ર નિજાનંદ માટે એકવાર એમના પ્રવચનનું આયોજન કરવું છે. લોકજીવન - લોકગીત અને ઝવેરચંદ મેઘાણી પ્રત્યેના ભાવને વ્યક્ત કરવા નિમંત્રિત કર્યા હતા. તેઓએ ગઢવી સાહેબને પોતાના આંગણે... સમગ્ર આયોજનની વ્યવસ્થા અને આ ક્ષેત્રના રસ ધરાવતા શ્રોતાઓને નિમંત્રિત કરવાના કાર્યક્રમમાં એણની સાથે જોડાવું. ગાંધીનગરનું કલા અને સંસ્કૃતિ માટે સમર્પિત દંપત્તિ શ્રીમતી આશાબેન સરવૈયા અને જયરાજસિંહ સરવૈયા. પરિણામે શ્રોતાઓમાં પણ કલાકારો - કવિઓ - લેખકો - તબીબો - પત્રકારો અને વિધવિધ ક્ષેત્રના કલાનું રાગી વ્યક્તિત્વો સહૃદયતાથી આવ્યા હતા.

કાર્યક્રમ સંચાલક માર્ગી હાથીએ સરસ અને સાહજિક આવકાર સાથે વક્તા વસંતભાઈ ગઢવીને નિમંત્રિત કર્યા અને ગઢવી સાહેબે સહજ - સરલ - સરળતાથી વાત માંડી, અને એક કલાક કયાં પસાર થયો એનો કોઈને ખ્યાલ પણ ન રહ્યો.

ઝવેરચંદ મેઘાણીના જીવનના પ્રસંગો, તેમની સર્જકતા સાથે જોડાયેલી ઘટનાઓ, ગાંધીજી અને કવિવર રવિન્દ્રનાથ ટાગોર સાથેના તેમના સંસ્મરણો, દુલા ભાયા કાગે લખેલી મેઘાણી માટેની રચનાઓ, મેઘાણી ભાઈના પ્રવાસો અને લોકસંપર્ક, એમની સર્જન શીલતાનો વ્યાપ, અને આવી આવી વાતો અસ્ખલિત પ્રવાહરૂપે વહેતી રહી, શ્રોતાઓ આનંદપૂર્વક ઝીલતા રહ્યા... સંપૂર્ણ વાતાવરણ જાણે મેઘાણીમય બની ગયું.

'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ' રચના વિશે પણ વાત થઈ. ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઈંગ્લેન્ડ જઈ રહેલા મહાત્મા ગાંધી ચિંતિત હતા, દેશની સ્વતંત્રતાનો પ્રસ્તાવ બ્રિટીશ સરકાર નહિ સ્વીકારે, અપમાન સહન કરવું પડશે. ગાંધીજીની આ વ્યથાનું ગીત ઝવેરચંદ મેઘાણીએ લખ્યું અને ઉપડતી સ્ટીમરે ગાંધીજીને પહોંચાડ્યું. વાંચીને મહાત્મા બોલ્યા હતા, 'મારી હાલની સ્થિતિનું આમાં સચોટ વર્ણન છે.'

ગઢવી સાહેબે ઝવેરચંદ મેઘાણીના અમદાવાદના એક પ્રવચનનું સ્મરણ કર્યું હતું જેમાં મેઘાણીએ કહ્યું હતું કે, 'લોક સાહિત્ય શાસ્વત છે અને તેથી જ તે સાંપ્રત છે અને તેનું સ્મરણ કરવું ગમે છે.' તેઓએ દર્શકે મેઘાણી વિશે કહેલા શબ્દોનું સ્મરણ કરતા કહ્યું કે, દર્શકે કહ્યું હતું, 'આ વ્યક્તિએ લોકોનો લોકની ઓળખ કરાવી. મેઘાણીને વાંચ્યા પછી કોઈ લોકનો તિરસ્કાર નહિ કરે.'

તેઓએ એક પ્રસંગનો ઉલ્લેખ કરી કહ્યું કે, મેઘાણીભાઈ બગવદર ગયા હતા. જમવા માટે બેસાડ્યા. પાટલો ઢાળ્યો. એમણે પાટલો ખસેડી દીધો અને કહ્યું કે રાંધનાર બહેન નીચે બેસે તો ખાનારાને પાટલા ઉપર ન બેસાય - આવું ઋજુ વ્યક્તિત્વ હતું મેઘાણીભાઈનું. પછી બીજા દિવસે એમને બીજા ગામ જવાનું હતું તો એમના માટે ગાડાની વ્યવસ્થા કરી હતી. મેઘાણીભાઈએ કહ્યું કે, એક જીવંત અને સ્વસ્થ બીજા જીવંત અને સ્વસ્થ ઉપર પોતાનો બોજો કેવી રીતે નાખે ? હું ચાલતો જઈશ... આવો માનવતાપૂર્ણ વ્યવહાર એમનો હતો.

આવી દાયકામાં અનેક મુશ્કેલીઓ વેઠીને મેઘાણીભાઈએ લોકસાહિત્યનું જે ખેડાણ કર્યું અને એ દિવસે સહુએ ખુબ યાદ કર્યું. લોકસાહિત્યમા રૂચિ ધરાવનારા - લોકજીવનને પ્રેમ કરનારા આવા લોક જયાં અને જયારે ભેગા થઈને 'લોક'ના થઈને જીવે ત્યારે લોકજીવનના અજવાળા રેલાય છે.

તુમ હી રંગ ભરોગે ઈન મેં તુમ હી ઈન્હે ચમકાઓગે, નવયુગ અપને આપ નહીં આયેગા નવયુગ કો તુમ લાઓગે...

વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

આ પંક્તિઓ સાહિર લુધયાન્વી લિખિત છે, જે 'દીદી' ફિલ્મનું મુહમ્મદ રફીના અવાજમાં અને સુનિલ દત્તના અભિનય સાથે ૧૯૫૯માં રિલીઝ થયેલું ગીત હતું.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આ દેશની પ્રથમ એવી લોકસભા ચૂંટણી છે, જેમાં સૌથી વધુ યુવાન મતદાતાઓ ટીનએજર સૌ પ્રથમ મતદાન કરવા જઈ રહ્યા છે. આ એક ઐતિહાસિક ક્ષણ બની રહેવાની છે.

આજે આપણે તકનીકી ક્ષેત્રે ખૂબ આગળ નીકળી ગયા છીએ, અને ૪-જી અને ૫-જીના સમયમાં પહોંચી ગયા છીએ, સોશ્યલ મીડિયા અને માહિતીનો ખજાનો પીરસતું ગૂગલ આપણને હાથવગું છે, નવી પેઢી ખરા અર્થમાં ડિજિટલ બની ગઈ છે, કયાંય કશું છૂપું રહી શકે તેમ નથી. કોઈ પણ સમાચાર દબાવી શકાતા નથી, ન્યૂઝ ચેનલ ૨૪ કલાક થતી જાય છે, પરંતુ સોશ્યલ મીડિયાના કારણે સાચા-ખોટાની જે ભેદરેખા છે, તે નવી પેઢી સુપેરે ઉકેલી શકે છે.

આજનો યુવાન હકારાત્મકતા સાથે જીવનના સંઘર્ષોને પાર પાડવા માટે પરિશ્રમ કરી રહ્યો છે.

આ યુવા મતદાર નિરાશ નથી. નવી નવી શક્યતાઓને જાણનારો સર્વતોમુખી પરિસ્થિતિ સ્વીકારનારો અને તેને સમજનારો મતદાર છે.

દેશના એક મધ્યાંતરે પહોંચેલ મતદારોનો વર્ગ નેતાઓ, રાજકીય પક્ષો અને ચૂંટણીને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' જ સમજતો રહ્યો છે, જો કે તેના કારણો પણ હતા... ચોક્કસપણે હતા. પરંતુ છતાં પણ જે રીતે નિરાશાવાદી અભિગમ દાખવીને 'અકર્મણ્યતા'ને સરેરાશ મતદાર વરી ચૂક્યો છે, તેની સામે નવા જોશ અને ઉમંગ સાથે જવાબદારી લેવાની ક્ષમતાવાળો યુવાન મતદાર આ ચૂંટણીમાં નવા કૌતુક સર્જવાના છે, તે નિશ્ચિત છે.

જે દેશમાં ૬૦-૬૫% મતદાનને સારું મતદાન ગણવામાં આવતું હોય, ત્યાં કોઈ દિવસ ઉદ્ધાર શક્ય નથી. આપણને આગામી સમયમાં કેવું ભારત જોઈએ છે ? ઋણમાફી, લોનમાફી વાળુ કે પછી લૉન અને ઋણ ભરી શકવાની સગવડ કરી આપતું, રોજગાર પૂરું પાડતું ભારત જોઈએ છે, તે આ ચૂંટણીમાં સમજાઈ જવાનું છે.

'નોટા' નામક છદ્મ રાક્ષસ પરિણામોને પલટાવી દે છે. તે ગત ચૂંટણીમાં આપણે જોઈ ચૂક્યા છીએ. સ્થાનિક ઉમેદવારને નગરપાલિકાની ચૂંટણીમાં નજરમાં લઈને મત આપીએ તે યોગ્ય છે, પરંતુ લોકસભાની ચૂંટણીમાં સ્થાનિક ઉમેદવાર બંને પક્ષના યોગ્ય ન હતા, માટે નોટા દબાવવો, તે તો મૂર્ખામી જ લેખાશે. 'નોટા' ના દુષ્પરિણામ કેવા કેવા મળ્યા છે, તે રાજસ્થાન અને ખાસ તો મધ્યપ્રદેશની જનતાને પૂછવા જવા જેવું છે.

ચૂંટણીના દિવસે મળતી જાહેર રજાને આરામ કરવામાં અને ફરવામાં વાપરી નાખવાનો અભિગમ ઓસરતો જાય છે, તે નવી પેઢીની ઉપલબ્ધિ લેખી શકાય. હમણાં જ એક પ્રાઈવેટ જોબ કરતા મિત્ર સાથે વાતચીત થઈ તેમાં તેણે જણાવ્યું કે પોતે તો મુંબઈ નોકરી કરે છે, પરંત ૨ ૩મી એપ્રિલે ખાસ ગુજરાતમાં અમદાવાદમાં મતદાન કરવા માટે આવવાનો છે. તેવી જ રીતે બીજો એક મિત્ર રાજસ્થાનનો છે, તે ચૂંટણીમાં મતદાન કરવા માટે અમદાવાદથી ખાસ સિરોહી જવાનો છે.

'મેરા દેશ બદલ રહા હૈ...' યુવાનોનો અભિગમ બદલાઈ રહ્યો છે, એક અભિનંદન જયાં સુધી પાકિસ્તાનમાં હતો, ત્યાં સુધી સરેરાશ દરેક ભારતીય ટી.વી. આગળથી ખસ્યો ન હતો. # (હેશટૅગ) અભિયાન ચલાવી ચલાવીને રાષ્ટ્રની ચિરંતન સમસ્યાઓથી માંડીને મહોલ્લાની સમસ્યાઓ સુધી સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરવાની ક્ષમતા આજના યુવાનમાં છે. રાજકીય પક્ષોએ પણ બકવાસ વિષયો જાતિગત સમીકરણો બાજુ પર રાખીને ભવિષ્યના વિકાસની નક્કર યોજનાઓ વિશે જ વાત કરવી પડે તેવી પરિસ્થિતિ આજના યુવાનને જ આભારી છે.

નેતાઓની કે રાજકીય પક્ષોની જવાબદેહી વધતી જતી હોય તેને દેશના ભવિષ્ય માટે સુવર્ણ ક્ષણ કહી શકાય.

ગુમરાહ કરનારો વર્ગ ચોક્કસપણે યુવાનોને ભરમાવાનો પ્રયત્ન કરશે. નિરાશાજનક પરિસ્થિતિઓ દર્શાવી દર્શાવીને ઉદાસ કરી મૂકવામાં કસર નહીં છોડે, પરંતુ અગાઉ કહ્યું તેમ આજનો મતદાર ટેકનોસેવી મતદાર ભૂતકાળને નહીં ભવિષ્યને ધ્યાનમાં રાખીને મત આપશે...

વાસ્તવમાં તો 'મતદાન' શબ્દ જ મને તો યોગ્ય નથી લાગતો, 'મત' આપવો એ જવાબદારી છે. 'દાન' કરવું એ સ્વૈચ્છિક વાત છે, પરંતુ 'મત' આપવો તે આવશ્યક છે.

જેની આંગળી પર શાહીનું ટપકું નથી, તેને કોઈ સામે આંગળી ચીંધવાનો હક પણ નથી.

જે ઉત્સુકતા, ઉત્કંઠા યુવાઓમાં જોવા મળે છે, તે ભવિષ્યના શક્તિશાળી ભારતના એંધાણ છે. દેશ માટે મતદાન કરીએ, સ્વયંના ઉત્થાન માટે મતદાન કરીએ.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

ચાહે લાખ બિછા લો બંદિશે, ફીર ભી આસમાન મે આપની જગહ બનાઉંગી મૈં...

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક દી સર્જકને આવ્યો, કૈં અજબ જેવો વિચાર
દંગ થઈ જાય જગત, એવું કરું સર્જન ધરાર
ફુલથી લીધી સુંવાળપ, શૂળથી લીધી ખટક
ઓસથી ભીનાશ લીધી, બાગથી લીધી મહક
મેરુએ આપી અડગતા, ધરતીએ ધીરજ ધરી
વૃક્ષથી પરમાર્થ કેરી, ભાવના ભેગી કરી
બુદબુદાથી અલ્પતા, ગંભીરતા મઝધારથી
મેળવ્યો કંકાસ મીઠો, મોજના સંસારથી
પ્રેમ સારસનો ઉપાડ્યો, પારેવાનો ફફડાટ
કાગથી ચાતુર્ય લીધું, કાબરોથી કલબલાટ
ખંત લીધી કીડીઓથી, મક્ષિકાથી શ્રમ અથાગ
નીરથી નિર્મળતા લીધી, આગથી લીધો વિરાગ
પંચભૂતો મેળવી, એ સર્વનું મંથન કર્યું
એમ એક 'દી સર્જકે એક નારીનું સર્જન કર્યું
દેવદુર્લભ, અવનવી આ શોધ જ્યાં બીબે ઢળી
એ દિવસથી દર્દ કેરી ભેટ દુનિયાને મળી

નારી શક્તિના સામર્થ્યને શૂન્ય પાલનપુરી સાહેબે ગઝલોમાં ધારદાર શબ્દે મઢીને અદભુત રીતે વર્ણવી છે. આમ તો એપ્રિલ મહિનાની પહેલી તારીખ એટલે 'એપ્રિલ ફુલ'નો મજાકનો દિવસ. પણ એના પછી તરત આવતો બીજો દિવસ એટલે વિયેટનીસ અમેરિકન મહિલા ફાન થી કીમ ફુકનો જન્મ દિવસ. એસોસિએટેડ પ્રેસના વિયેટનીસ અમેરિકન તસવીરકાર નીક ઉટીએ નાપામ હુમલામાં દોડતી ફાન થી કીમ ફુક નામની નવ વર્ષની બાળકીને કચકડે કંડારી હતી. 'ધ ટેરર ઓફ વોર' નામની આ તસવીર કે જેને ૧૯૭૩માં તસવીરકળા માટે 'પુલીત્ઝર પ્રાઈઝ ફોર સ્પોટ ન્યુઝ' જેવું ફોટોગ્રાફીનું સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત થયું હતું. આ નવ વર્ષની બાળકી થી કીમ મોટી થઈને લેખિકા બની. એણે યુદ્ધમાં અસરગ્રસ્ત બાળકોના પુનઃસ્થાપન માટે એક એનજીઓની પણ સ્થાપના કરી છે.

ફાન થી કીમનો એપ્રિલ ૨ જન્મ દિવસ છે ત્યારે સમગ્ર વિશ્વમાં થતી મહિલા સશક્તિકરણની વાતો અને નારી શક્તિ બળવત્તર કરવાના પ્રયાસો માનસપટ ઉપર સહજ તરવરવા લાગે છે. વાત કરવી છે મહિલા વૈજ્ઞાનિકોની. સામાન્ય રીતે જ્યારે પણ વૈજ્ઞાનિકો વિશે વાત નીકળે ત્યારે આઈઝેક ન્યુટન, સી.વી. રામન, સ્ટીફન હોકિંગ્સ, એ.પી.જે. અબ્દુલ કલામ જેવા પુરુષ વૈજ્ઞાનિકો ફટાફટ યાદ આવવા લાગે. પણ જ્યારે વિશ્વની મહિલા વૈજ્ઞાનિકો વિશે કોઈ પુછે તો સ્વાભાવિક રીતે જ વિચારમાં પડી જવાય. અને એમાં પણ જો કોઈને ભુલેચુકે પણ ભારતીય મહિલા વૈજ્ઞાનિકો વિશે કહેવાનું થાય તો તે શૂન્યમનસ્ક જ રહે.

વિજ્ઞાનથી જ વિકાસની રાહ ઉપર તેજ રફતારથી દોડવાનું શક્ય બન્યું છે. એક સમયે જ્યાં પહોંચવુ અસંભવ લાગતું હતું એવા ચંદ્ર કે

આકાશના તારા સુધીની આજે માનવીની પહોંચ વિજ્ઞાનને આભારી છે. વૈજ્ઞાનિક સંશોધનના ક્ષેત્રે મહિલા વૈજ્ઞાનિકોએ બુલંદીના શિખરો જરૂર સર કર્યા છે પણ સાથે સાથે એ પણ વાસ્તવિકતા છે કે, મોટા સંશોધન પ્રકલ્પો ઉપર બુદ્ધિશક્તિને સિદ્ધ કરવા માટે મહિલાઓએ અનેક કસોટીઓ સામે ઝઝુમવું પડે છે.

સંયુક્ત રાષ્ટ્ર પરિષદે ડિસેમ્બર-૨૦૧૫માં એક ક્રાંતિકારી નિર્ણય કર્યો. યુએને પ્રતિવર્ષ ૧૧મી ફેબ્રુઆરીને 'ઈન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઈન સાયંસ' તરીકે વિશ્વભરમાં ઉજવવા માટે એલાન કર્યું. વિજ્ઞાન અને પ્રદ્યોગિકી ક્ષેત્રે કાઠુ કાઢનારી મહિલા અને કિશોરીઓના વિચારોને પવનવેગે બહાર આવવા માટે એક નવી દિશા મળી. આમ પણ યુનેસ્કો માટે પહેલેથી જ જેન્ડર ઈક્વાલીટી પ્રાથમિકતાનો વિષય રહ્યો છે. પ્રતિવર્ષ મહિલા અને કિશોરીઓનું વિજ્ઞાનમાં પ્રદાન ઉજાગર કરવાનો આ આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવા પાછળ યુએનનો મુખ્ય આશય છે. આ વર્ષે ૨૦૧૯માં ઉજવણીનો થીમ 'ઈન્ક્લુઝીવ ગ્રીન ગ્રોથ' હતો.

આ પ્રકારનો આંતરરાષ્ટ્રીય દિવસ શા માટે ઉજવવો પડે એની આવશ્યક્તાનો ખ્યાલ યુનેસ્કોના ૨૦૧૪થી ૧૬ના સંશોધન અહેવાલના આંકડાઓ ઉપરથી વધુ સ્પષ્ટ થાય છે. વિશ્વમાં વૈજ્ઞાનિક સંશોધનો ક્ષેત્રે મહિલાઓની ૩૦ ટકાથી પણ ઓછી ભાગીદારી જોવા મળી છે. સમસ્ત વિશ્વમાં વિજ્ઞાન સંલગ્ન અભ્યાસમાં પુરુષોની તુલનામાં મહિલાઓની હિસ્સેદારી ખૂબ ઓછી છે. વિજ્ઞાન, ગણિત, ટેકનિકલ ક્ષેત્રો, ઈજનેરી વગેરેમાં નારીશક્તિની ભાગીદારી ૨૮ ટકાથી પણ ઓછી રહી છે. કોમ્યુનિકેશનના ક્ષેત્રે માત્ર ત્રણ ટકા, પ્રાકૃતિક વિજ્ઞાન અને આંકડાશાસ્ત્રમાં પાંચ ટકા, એન્જિનિયરીંગ અને મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રકશન ક્ષેત્રે આઠ ટકા મહિલાઓનું પ્રદાન જણાયું છે. આખી દુનિયામાં મહિલા પેટંટ ધારકો માત્ર ૧૬ ટકા જ છે.

આ આંકડાકીય વિગતો માનસિક રીતે વાચકબંધુઓને અને ખાસ કરીને મહિલા વાચકોને નાસિપાસ કરી નાખે એવી ચોક્કસ છે. પણ સાથે સાથે એ વાસ્તવિકતા પણ સ્વીકારવી પડે કે, વનસ્પતિ વિજ્ઞાનથી માંડીને મિસાઈલ ટેકનોલોજી, અંતરિક્ષ વિજ્ઞાનથી માંડીને મરીન ટેકનોલોજી ક્ષેત્રે ભારતીય મહિલા વૈજ્ઞાનિકોએ જબરો ડંકો વગાડ્યો છે. નવેમ્બર, ૪ ૧૯૮૭માં કેરાલામાં જન્મેલા પદ્મશ્રી જાનકી અમ્માલ વનસ્પતિ શાસ્ત્રના દાદુ વૈજ્ઞાનિકોમાં સ્થાન ધરાવે છે. એમણે સાઈટોજનિક એટલે કે કોષિકા વિજ્ઞાન અને ફોટોજ્યોગ્રાફિ ઉપર સંશોધન કર્યું છે. એવા જ એક બીજા ભારતીય મહિલા વૈજ્ઞાનિક આનંદીબાઈ જોષીના મેડિકલ સાયંસ ઉપરના શોધ કાર્યને વિશ્વ ક્યારેય ભુલી નહીં શકે. કાર્બનિક રાસાયણ અને ફાઈટો મેડિસિન ઉપર અસિમાજી ચેટર્જીનું અદભુત સંશોધન પ્રદાન રહ્યું છે. પહેલા ટેસ્ટ ટ્યુબ બેબીના પ્રણેતા ડૉ. હિન્દુજા ઈંદિરાજી જ તો હતા. હિન્દુસ્તાની મહિલા વૈજ્ઞાનિક ડૉ. અદિતી પંતે સમુદ્રી વિજ્ઞાનમાં તેમના સંશોધનોથી વિશ્વને અચંબિત કરી નાખ્યું હતું.

ભારતની મહિલા વૈજ્ઞાનિક અગ્નિપુત્રી ટેસી થોમસના નામથી દુનિયામાં કોણ અજાણ હશે ? ભારતની લૉંગ રેન્જ અગ